ઇશ્વર પ્રાર્થના.

શાર્દુલવિક્રિડિત છંદ.

દેવારે પ્રભુમુ તને વિનયથી, બુદ્ધિ ઘણી આપજે,
આજે તો મમ કાર્ય પૂર્ણ કરવા, દુખો બધા કાપજે.
મિત્રો આ તમ પ્રાર્થના મન દઇ, અર્પો ભલી ભાતથી,
દીનો નાથ દયાળુ દૃષ્ટિ કરશે, પૂજો પુગ પ્રાણથી.
માટે ગૌરિજ શ્રી ગણેશ ચરણે, વંદો વળી નેમથી,
દૃષ્ટિથી તમ દુખ દૂર કરીને, બુદ્ધિ પુરે પ્રેમથી

રુચિરા છંદ.

વિદ્યાર્થી મમ મિત્રો પ્યારા, નમ્ર વિનંતી ઉર ધરો,
પ્રશ્નજ મે તો દશ મૂકયા છે, ઉત્તર દેવા હિમત કરો.
સફળ કરીને કામ તમારૂ, પ્રસિદ્ધ થાઓ નગર મહિં,
અમૂલ્ય પુસ્તક પ્રાપ્તજ કરવા, દાવો કરજો પ્રેમ ધરી.
દિવસ એકમા અલ્પ સમયમા, રૂપીયા લેજો દશ ગણી,
પ્રથમ પુરૂષને દશ આપીશુ, થશે ન અંતર ઉદાસ જરી;
અમૂલ્ય પુસ્તક મળશે સારાં, પ્રથમ નંબર ત્રીશ સુધી,
ધીરજ હિમત પ્રયાસથી, કામે લાવો મદબુદ્ધિ.

જાત જાતના પ્રશ્ન રચ્યા છે, દોઢ આનો તે મૂલ્ય નહિ,
મનન કરો ને અક્કલ ખીલવો, સાતવાર છે નફો મહી.
દોઢ આનાનું ખર્ચ કરીને, પસ્તાશો નહિ લેશ પણી,
ઇનામ મળે યા નહિ મળે પણ, પુસ્તક વાંચો દીલ કરી,
પ્રશ્ન બધામાં દીલ પરોવી, શ્રમ કરશો જો ખરેખરો
ઇનામ મળશે દશ રૂપીયાનું, પ્રયાસ ફળે જો ધૈર્ય ધરો
પ્રથમ નંબર પ્રામજ કરશો, મળશે નોટજ દશ તણી
આ પ્રમાણે બક્ષિસ મળશે, એક સોને સાત ધણી.
નંબર જો તે ફળે નહિ પણ, ઠરશે નંબર પાંચ સુધી,
પ્રસિદ્ધ પુસ્તક મળશે સારાં, વાંચે પામે બુદ્ધિ ઘણી.
પાન પટ્ટીને બીડી મધ્યે, હજાર પૈસા ખર્ચ કરો,
નફો નુકશાન જોયાજ વિના, રાક્ષસી રોગ ખરીદ કરો.
ચા કારીને ફજુલ ખર્ચમા, લાખો રૂપીયા ધૂળ કર્યા,
ક્ષય ખાંસીથી બેહાલ થઇને, અર્થ એક પણ નવ સર્યાં
માટે મિત્રો એક દિવસની ચા કાફી બરબાદ કરો,
"અક્કલ પરીક્ષા" ખરીદ કરી, તર્ક તણો ઉર દીપ કરો.
તર્ક વિતર્કી કુંચીઓ લઇ, હૃદય દ્વારે જઇ દોડો
અવિદ્યા આળસને અજ્ઞાનના તાળા તરતજ જઇ તોડો.

---

૧. રત્નાગિરિ કરીને એક નગરી હતી. તેમા મનમોહનદાસ કરીને એક મહા ધનાઢ્ય વેપારી રહેતો હતો. તેને સાત પુત્ર તથા ત્રણ પુત્રીઓ હતી. તે જ્યારે ૮૦ વર્ષની ઉમરનો થયો, ત્યારે તેણે વિચાર્યું કે મારી જે માલમિલ્કત છે તેની વ્યવસ્થા મારી સમક્ષ થાય તો ઘણુંજ સારું, કે જેથી ભવિષ્યમાં ભાઇઓમાં કાંઇ પણ

પ્રકારનો કલેશ થવા પામે નહિ. આથી તેણે સર્વે ભાઇઓને પોતાની આગળ બોલાવ્યા, ને સર્વેને પોતાની મરજી મુજબ ઉમરના પ્રમાણમાં અમુક અમુક રકમ વહેચી આપી, એવી રીતે કે જેમ જેમ નાની ઉમરનો છોકરો હતો, તેમ તેમ તેને વધારે ને વધારે રકમ આપી. આથી સૌથી નાના ભાઇને સૌથી મોટી રકમ મળી; ને તેથી અનુક્રમે દરેકને ઓછીને ઓછી રકમ મળી, ને સર્વેથી મોટા ભાઇને સર્વે કરતાં ઓછી રકમ મળી.

મોટા ભાઇને જ્યારે એમ માલુમ પડયુ, કે મને સર્વે ભાઇઓ કરતા ઓછી રકમ આપવામા આવી છે, ત્યારે તેણે પોતાના પિતાની પાસે જઇ વિનતી કરી કે મને સર્વે ભાઇઓ કરતાં ઘણીજ ઓછી રકમ મળી છે, તો મારે માટે કંઈ યોગ્ય વિચાર કરવો જોઇએ. મનમોહનદાસે વિચાર્યું કે ખરેખર એને સર્વે ભાઇઓ કરતાં ઘણી ઓછી રકમ આપવામા આવીછે, ને તે વ્યાજબી પણ નથી. તેથી તેણે તેની પાસે જે રકમ હતી, તેના ત્રીજા ભાગ જેટ જેટલી રકમ દરેક ભાઇ પાસેથી લેવાને કહ્યુ આથી તેને સતોષ થયો. પરતુ આમ કરવાથી તેના કરતા જે મોટો છોકરો હતો તેની પાસે સર્વેથી ઓછી રકમ થઇ, ને તેણે પણ પોતાના પિતાની પાસે આવી, મોટી રકમ માટે માગણી કરી ને તેને પણ તેની પાસે જે રકમ "બચી" હતી, તેના ત્રીજા ભાગ જેટ જેટલી રકમ દરેક (છ) ભાઈ પાસેથી લેવાને કહ્યું. આ પ્રમાણે એક પછી એક દરેક ભાઈની ફરિયાદ આવી, ને દરેકને તેવીજ રીતે સતોષ કરવામાં આવ્યા. આ પ્રમાણે જ્યારે સર્વે ભાઇઓએ કર્યું, ત્યારે એમ માલુમ પડયુ કે દરેક ભાઇની પાસે સરખી સરખી રકમ થઈ છે. ત્યારે તે દરેક ભાઇને મનમોહનદાસે પ્રથમ કેટકેટલી રકમ આપેલી, ને હાલ તેમની પાસે કેટકેટલી થઈ ?

જે સાહેબો તરફથી જવાબ ઓછામાં ઓછી રકમમાં આવશે તેમનાજ જવાબ ખરા ગણવામાં આવશે. બાકીના જવાબો ખરા હશે તો પણ ખોટા ગણવામાં આવશે, માટે નાનામાં નાની રકમમાં જવાબ કાઢવો.

દા. ૨. માલ મિલ્કતની વહેંચણી થયા બાદ થોડાજ અરસામા ૮૦ વર્ષની પાકી ઉમરે મનમોહનદાસ ગુજરી ગયા, ને કહેતા ગયા કે સર્વે સંપી મળીને રહેજો; તથા આપણા જે ૧૦૦ દેણદારો છે, તે તમો સાત ભાઇ તથા તમારી ત્રણ બહેનો મળી કુલ દશ સરખે ભાગે વહેંચી લેજો.

આ છોકરાઓ જો કે પાકી ઉમરના હતા ખરા, પરંતુ બીલકુલ સંપીલા નહિ હોવાથી પોતાના પિતાના મરણ પછી થોડીજ મુદતમાં, તે સર્વે ભાઇઓ, પોતાના પિતાએ જેજે રકમ આપી હતી તે લઇ જુદા રહ્યા આ માલમિલ્કત ઉપરાંત દશ ગામોમા મળી કુલ સો દેણદાર હતા, તે તેઓને સરખે હિસ્સે વહેંચી લેવાના હતા. પહેલાની પાસે અમુક રૂપીયા લેણા હતા, બીજા પાસે એનાથી બમણા, ત્રીજા પાસે ત્રણ ઘણા ચોથા પાસે ચાર ઘણા, દશમા પાસે દશ ઘણા ને સો (૧૦૦) મા દેણદાર પાસે (પહેલા કરતા) સો ઘણા હતા. એટલે કે કોઇ પણ બે દેણદાર પાસે સરખી રકમ નહોતી, અને ૪૪ મા તથા ૭૯ મા દેણદારની રકમોનો સરવાળો ૭૮૭૨૦ થતો હતો, તથા તે બે રકમો વચ્ચેનો તફાવત ૨૨૪૦૦ હતો.

આથી આ સો દેણદાર કેવી રીતે સરખે હિસ્સે વહેંચી લેવા એ મોટો સ્વાલ થઈ પડયો. આખરે તેઓ એવી સમાધાની પર આવ્યા કે દરેક ગામમાં ગમે તેટલી રકમ હોય તો પણ

દરેક ભાઈએ એક એક ગાંમ વહેંચી લેવું, કારણ કે દરેક ગામમાં દશ દશ આસામીઓ છે. હવે આ નાણાં એકત્ર કરવાને માટે એક ઉઘરાણી વાળો રાખ્યો, ને તેને દરેક આસામી પાસેથી નાણાં ઉઘરાવી લાવવા કહ્યું. આથી આ માણસ દરેક આસામીની પેઢી પર હીસાબ કરવા ગયો, ને દરેક ગામમાંથી માત્ર એક એકજ હિસાબ પત્યો. ને તે નાણા, જે જે ભાઈના દેણદાર(ગામ)ના હતા તેમને સોપી દીધા. વળી થોડાક દિવસ વિત્યા બાદ આ નોકર બીજી વાર ઉઘરાણી માટે નીકળ્યો, ને વળી પ્રથમ માફક આ વખત પણ દરેક ગામમાથી માત્ર એક એક હિસાબ પત્યો. ને તે નાણા જે જે ભાઇના હતા, તેમને આપી દીધા. આ પ્રમાણે જ્યારે જ્યારે આ ઉઘરાણી વાળો જતો, ત્યારે હરેક વખતે દરેક ગામમાંથીમાત્ર એક એક હિસાબ પતતો.તેથી જ્યારે આ દશ વખત દરેક ગામમા ગયો, ત્યારે કુલ દેણદારના હિસાબ પતી ગયા, ને કુલ રકમ પણ મળી. આખરે દરેક ભાઇએ પોતાના નાણા તપાસી જોયા, તો એમ માલુમ પડ્યુ કે દરેક ભાઇને સરખી સરખી રકમ મળી છે ને ઉઘરાણી વાળો પણ જ્યારે જ્યારે નાણા ઉઘરાવા જતો, ત્યારે હરેક વખતે સરખા સરખા નાણા લાવતો.—એટલે કે તેની ઉઘરાણીની દશે વખતની રકમ સરખી હતી ત્યારે કહો કે દરેક ભાઇને જે દશ દશ દેણદારો હતા, તે દરેકની પાસે કેટકેટલું લેણું હતું? ને ઉઘરાણીવાળો દરેક વખતે કેટલા નાણા લાવતો?

દા. ત્રીજોઆજે કોઇ એક તીર્થક્ષેત્રને વિષે મેળો ભરાવાનો હોવાથી, જુદા જુદા ગામોમાંથી હજારો માણસો મેળે જવા નીકળી રહ્યાં હતા. આ તીર્થનું ધામ એક મહા પવિત્ર નદીના તટ પર હતું, ને વળી આસપાસ સર્વે ડુંગરાઓથી ઘેરાયેલું હોવાથી ત્યાંની કુદરતી

રચનામાં ખરેખર કંઇ પણ મણા નહોતી. આથી મારૂ મન પણ તે તરફ આકર્ષાયું; એટલુજ નહિ પણ મેં મારા ગામના સઘળા લોકોને આ પવિત્ર યાત્રામાં ભાગ લેવા ઉદ્દેશે કર્યો, ને તેના પરીણામે બ્રાહ્મણ, સોની, વાણીયા, પટેલ, લુહાર, સુતાર, રાજપુત ને બીજા પરચુરણ જ્ઞાતીના લોકો સંતોષકારક સંખ્યામા ઉશ્કેરાયા. આ ઉપર જણાવેલી આઠ જ્ઞાતીના લોકો અનુક્રમે એક એકથી બમણા પ્રમાણમાં હતા, એટલે કે બ્રાહ્મણથી બમણા સોની, સોનીથી બમણા વાણીયા, વાણીયાથી બમણા પટેલ એ પ્રમાણે દરેક જ્ઞાતીના લોકો અનુક્રમે બમણા પ્રમાણમા હતા.

હવે આ સર્વે એક ગ્રામ વાશીઓ ભજન કિર્તન કરતા કરતા, હર્ષ ઘેલા બની રસ્તો કાપે છે આગળ ચાલતાં ચાલતાં અમુક અમુક અંતરે આ સમુહને આજુ બાજુના ગામોમાથી બીજા ત્રણ ટોળા મળ્યાં, ને આ ઉપરાત વળી થોડેક અંતરે ભજન કીર્તન કરતા બે આંધળા માણસોને દોરતો એક છોકરો આ મોટા સમુહને આવી મળ્યો. આ બે આંધળા માણસો સારંગીના નમ્ર પણ અતિ મધુર સ્વરથી હરિ ભજન કરી રહ્યા હતા, ને આ ચારે સમુહોનુ આ એક મોટુ જુથ એકાગ્ર ચિત્તથી શ્રવણ કરી રહ્યુ હતુ. હવે આ ચારેસમુહ તથા આ ત્રણમાણસોએકત્ર બની આગળ વધવા લાગ્યા થોડેક દૂરવિશ્રામ પર માણસોની ગણત્રી કરતાં એમ માલુમ પડયું કે છેલ્લા ત્રણ ટોળામાંના દરેકમાં પણ પહેલાની માફક આઠ આઠ જ્ઞાતીના લોકો હતા, ને વળી તેજ પ્રમાણમાં હતા. વળી બીજા ટોળાના કુલ માણસો પહેલા તથા ત્રીજા ટોળાના કુલ માણસોની અર્ધ સંખ્યાની બરાબર હતા.

ને ચોથા ટોળાના બ્રાહ્મણો ચારે ટોળાના કુલ વાણીયાની સંખ્યાના અગીયારમા ભાગ જેટલા હતા. ને પહેલા તથા બીજાટોળાન કુલ પટેલીઆઓ ચોથા ટોળાના કુલ સુનારોના ચોથા ભાગ જેટલા હતા. ચારે ટોળાંનું કુલ માણસ ૮૪૧૫ હતું પરંતુ પેલા બે આંધળા માણુમો તથા તેમને દોરતો છોકરો આ ત્રણ જણા આ સંખ્યાની બહાર—ઉપરાન્ત છે, એ ધ્યાનમાં રાખવું. આ સર્વે લોકો થોડેક દૂર ગયા એટલામાં બે રસ્તા આવ્યા. જો કે આ બે રસ્તાઓ તેઓને જ્યા જવું હતું ત્યાજ જતા હતા, ફેર માત્ર એટલોજ હતો કે એક લાંબો ને બીજો ટુંકો આ પ્રમાણે હતા પરંતુ આ ડુંગરી મુલકની સર્વે અજાણ્યા હોવાથી મતભેદ બની સર્વે એક મત ન થતા, આખા સમુહના બે સરખા નાના સમુહ બની એક એક રસ્તે ચાલવા લાગ્યા. પેલા ટુંકા રસ્તાવાળા લોકો તો થોડા સમયમા પહોંચી ગયા, પરંતુ આ લાંબા રસ્તાવાળા તો ઘણું ચાલવાથી અત્યંત થાકી ગયા. છેવટે ચારે ટોળાના કુલ પરચુરણ માણસોની સંખ્યામા પહેલા ટોળાના સોની તથા બીજાટોળાના બ્રાહ્મણોની સંખ્યા જેટલાઓજ માણુસો નજીકના ગામમા રહ્યા, ને બાકીના તો તેજ દિવસે પહોંચવાનો દૃઢ નિર્ણય કરી આગળ ચાલવા લાગ્યા. ત્યારે કહો કે હરેક ટોળામા હરેક ગ્નાતીના તથા પરચુરણ માણુસો કેટકેટલાં હતા? તથા આજેજ પહોંચવાનો નિર્ણય કરી આગળ ચાલવા લાગ્યા તે માણુમો કેટના હતા?

દા. ૪. હવે આ લોકો તો આગળ ચાલતા થયા, પરંતુ ધામ તરફની ત્રણ ગાઉની બીજુ આગળ કે જ્યાં હરેક ગા-મના રસ્તાઓ મળતા હતા, ત્યાં આવના પહેલાંજ ઘણું અંધારૂં

થઈ ગયું, ને રાત્રી પણ ખીણુ આગળજ ગાળવી પડી. પ્રભાતનો સમય થતાંજ આ માણસો હરિદ્વાર તરફ પ્રયાણ કરવા લાગ્યા. પરંતુ મેળો તો માત્ર એકજ દિવસનો હતો, તેથી મેળાનું સઘળું માણસ પણ સવારથીજ આ ખીણુને રસ્તે વિસર્જન થવા લાગ્યું હતું હવે આ મેળે જતા લોકો થોડેક દૂર ગયા, એટલામાં તો મેળામાંથી વિસર્જન થયેલા લોકોનું એક ટોળું આવતું તેમની નજરે પડ્યું. થોડીક વારમાં તો બન્ને ટોળા એક બીજાને મળી ગયાં, ને તે ટોળામાના એક સખ્સને પૂછ્યું, "ભાઇ, મેળામા કેટલું માણસ એકત્ર થયું હતું?" "મેળામા તો અસંખ્ય માણસ ભેગું થયું હતું, ને તેટલું માણસ તો કોણે ગણ્યું હશે. પરંતુ હમોને એટલી તો ખબર છે કે હમારી પાછળ બીજા છ ટોળા આવે છે, ને તે છ ટોળાનાં બધાં માણસો હમારા આ ટોળાના અર્ધ કરતાં એક વધુ છે પહેલા ટોળાના એક માણસે પ્રત્યુત્તર કર્યો. પરંતુ આ લોકો આવી કંઇ સમજ્યા નહિ, ને આગળ ચાલતા થયા. એટલામાં તો બીજું ટોળું તેમને મળ્યું, ને તેમાના એક સખ્સને તેવાજ પ્રશ્ન કર્યો તે માણસે જવાબ આપ્યો. "ભાઇ હમોને બધા માણસોની તો કંઈ ખબર નથી, પરંતુ એટલી તો ખબર છે, કે અમારી પાછળ તીજા પાંચ ટોળાં આવે છે, ને તે પાંચે ટોળાનું કુલ માણસ હમારા આ ટોળાના અર્ધ કરતાં પણ એક ઓછું છે. પ્રથમ છ ટોળાએ અનુક્રમે આ પ્રમાણેજ જવાબ આપ્યો એટલે કે એકી નંબરના ટોળાએ (૩–૫) પહેલા ટોળાના જેવોજ જવાબ આપ્યો, ને બેકી નંબરના ટોળાવાળાઓએ* (૪–૬) બીજા ટોળાના જેવોજ ઉત્તર આપ્યો*

---

* કુલ ટોળાં સાત છે, માટે ત્રીજા, ચોથા, પાંચમા તથા છઠા ટોળાની પાછળ કેટલા ટોળા આવતા હોવાં જોઇએ એ ધ્યાનમા રાખવું.

આખરે તેઓ સાતમા ટોળાને મળી ગયા, ને તેમને જોઈ તેઓ ઘણા પ્રસન્ન થયા, કારણકે તે સઘળા તેમના નજીકના ગામોના હતા, ને વળી આ મેળે જતા લોકો તથા સાતમા ટોળાનાં કુલ માણસો સંખ્યામાં બરાબર હતા. ને એક એકને પ્રણામ કરી ભેટી પડયા. ત્યારે કહો સાહેબો કે આખા મેળાનું સમગ્ર માણસ તથા દરેક ટોળાની સંખ્યા કેટકેટલી હતી ?

સવૈયા એકત્રીશા.

કા. ૫ સજ્જન સઘળા જરૂર માનો, હિંદુસ્તાન ખરે મુજ ઠામ.
રમ્ય નક્કી હું નગરી સારી, પ્રસિદ્ધ વળી છે મારૂં નામ.
મિત્રો મારા સઘળા જાણો, મુજ દેશ નામ વળી ઠામ,
શોધો મુજને પ્રેમ કરીને, આપું મુજ સંકેત તમામ.
રચના અક્ષર ચાર તણી છે, હિંદ મધ્ય તો કરૂં મુકામ.
સૌ સંકતે ચિત્ત પરોવી, મિત્ર ઉચ્ચારો મારૂં નામ
ધરજો પ્રેમે લેજો સાથે, અક્ષર મારા આદિય અંત;
શબ્દ રચાશે સરસ રૂપાળો, અર્થે વનિતા જુઓ કરી ખંત.
આદિ આગળ ઉપાન્ત્ય ધરીને, રચના રચજો રાખી હામ,
પ્રસિદ્ધ નગરી શબ્દજ પોતે, દક્ષિણ હિંદે કરે મુકામ.
અક્ષર ત્રીજો બાકી મૂકયો, શોધો તમો તે ધરી ઉમંગ,
નામોચ્ચારણ કરજો મારૂં, મિત્રો મારા અકલમંદ.
ધૈર્ય તમો જો ધરશો મિત્રો, કરશો કાર્યજ તમો તમામ;
ચતુર હશો જો મિત્રો મારા, પ્રાપ્તજ કરશો દામ ઇનામ.

તોટક છંદ.

દા. ૬. હદ હિંદ મહી રહીં હુ નગરી, મુજ નામ થકી સહુ જ્ઞાત વળ
રચના મુજ અક્ષર ચાર તણી, વળી સત્ય ખરે રમણીક ઘણી.
વળી વર્ણજ પાંચ પચાશ તણા, જન સર્વ તમો મને જાણો ઘણા
જગ જાહેર છે મમ નામ વળી નહિ સંશય જે મહિ મિત્ર જરી.
મમ નામ નિશાનજ સર્વ ગણી, અજમાશ કરો મતિ આપ તણી,
મુજ વર્ણ દ્વિતીયજ અંત મળે, સહુ લોક નકી વસુ અર્થ કળે.
લઇ આદિય અંત દ્વિતીય વળી, ભલીભાત રચો રચનાજ ખરી,
ફરિયાદ તણો સહી અર્થ ઠરે, નહિ શંશય અલ્પ કદીય મળી.
વળી શબ્દ રચો લઈ અક્ષર બે, નકી હોય ઉપાન્ત્ય દ્વિતીયજ તે,
ખરી કાષ્ટ ફર્નીચર ચીજ બની, અતિરે ઉપયોગની વસ્તુ વળી.
પ્રિય સાક્ષર મિત્ર કરૂં વિનતી, ઉચરો મુજ નામ ચલાવી મતિ

દા. ૭ કોઇ એક શેઠે પોતાના નોકરને પાચ ખાનાવાળી પાકીટમા રૂ ૨૭-૮-૦ જેટલી રકમ નીચે પ્રમાણેના સીક્કાઓમાં આપી ફળ ખરીદ કરવા મોકલ્યો:—પહેલા ખાનામાં અમુક રૂપીયા હતા; બીજા ખાનામાં-પહેલા ખાનામા જેટલા રૂપીયા હતા, તેના ત્રણ ઘણામા ત્રીજા ખાનાવાળી પાવલીની કુલ સંખ્યાના પાંચમાં ભાગ જેટલા ઓછા અડધા રૂપીયા હતા, ત્રીજા ખાનામા—પહેલા ખાનાની રૂપીયાની સંખ્યાના આઠ ઘણામા આઠ ઓછી પાવલીની સંખ્યા હતી. ચોથા ખાનામા—પાચમા ખાનાની એક આનીની સંખ્યાના અર્ધ ઉપરાંત, પહેલા તથા બીજા ખાનાના કુલ સિક્કાના ત્રણ ચતુર્થાંશ જેટલી બે આની હતી. પાંચમાં ખાનામાં-બીજા ખાનાના અડધા

રૂપીયાના સીક્કાની સંખ્યાથી ચાર ગણી એક આની હતી. ત્યારે કહો કે દરેક ખાનામા દરેક જાતના સીક્કાઓની સંખ્યા કેટકેટલી હતી?

દા. ૮ હવે આ નોકર માર્કેટમાં ગયો, ને તેણે જમરૂખ, સંતરાં તથા સફળજન આ પ્રમાણે ત્રણ જાતના ફળ પોતાની મરજી મુજબ ખરીદ કર્યા, તથા એક પૈસાના પાન પણ લીધાં. પરંતુ તેણે જેટલાં સંતરાં ખરીદ્યા તેટલાં ન ખરીદતાં તેણે જેટલા જમરૂખ ખરીદ્યા (તે બીલકુલ ન ખરીદતાં) તેના ત્રણ ઘણા જેટલાં ઓછાં સંતરાં ખરીદ્યા હોત, તો બન્નેની કુલ સંખ્યા ૩૨ ડઝન થાત સંતરા બીલકુલ સંતરા ન ખરીદતાં, જેટલાં તેણે સંતરા લીધા એટલા ઓછાં સફળજન ખરીદ કર્યાં હોત, તો જમરૂખ તથા સફળજનની કુલ સંખ્યા ૧૦ ડઝન થાત, ત્યારે કહો કે તેણે દરેક જાતના કેટકેટલા ફળ ખરીદ કર્યાં હશે?

દા. ૯ આ પ્રમાણે ફળ ખરીદ કરી શેઠ આગળ રજુ કર્યાં ને પાસે એક પૈસાના પાન પણ મુક્યા ફળની ખુશબોદાર વાસથી શેઠે કહ્યું " ફળ તો સારાં લાવ્યા હોય એમ જણાય છે, ને જેવાં ફળ છે, તેવા દામ પણ બેડા હશે" નોકરે જવાબ આપ્યો, "હા, સાહેબ, બજાર પણ તેજ છે" શેઠે કહ્યું, બહુ સારૂ. ફળ તો બહુજ સારાં છે, પરંતુ શા પ્રમાણે ફળ ખરીદ કર્યાં, તે મને કહો, નોકરે જવાબ આપ્યો સાહેબ, માફ કરજો મને બીજા બધા ભાવની ખબર છે, પરંતુ જમરુખ કેમ ખરીદ કર્યા તે તો હુ ભુલી ગયો છુ કારણકે સવારનો સમય હોવાથી મેવાવાળાને ત્યા ઘણીજ ભીડ હતી, ને હજારો માણસો લેવા આવ્યાં હતા ને દુકાનદાર ગ્રાહકોને બીજી દુકાને જવા ન દેતાં ઘણીજ ઉતાવળથી હમારી પાસેથી પૈસા ગણી ગણીને લેતો હતો. તેથી આટલાં માણસો વચ્ચે હુ જમરૂખ ખરીદતાં

ગાભરો થઇ ગયો. ને મે કેટલા પૈસા આપ્યા તેનુ મને ભાન ન રહ્યું, પણ વેપારી વધુ લે તેવો નથી પરંતુ સફ્રજનને સંતરાના ભાવ તો સારી પેઠે ધ્યાનમાં રાખ્યા છે. પછી શેઠે કહ્યુ, હવેથી આવી ગફલત થવી ન જોઇએ, ધ્યાન રાખજો ! આ વખતને માટેતો હું તમોને માફી આપુ છુ આજ પછીથી સાવચેત રહેજો. કહો ત્યારે સંતરાં તથા સફ્રજન કેમ ખરીદ કર્યાં નોકરે જવાબ આપ્યો સાહેબ, એક ડઝન જમરૂખના જેટલા પૈસા બેઠા તેના બમણાં કરતા પણ બે પૈસા વધુ એક ડઝન સંતરાના બેઠ છે ને એક ડઝન સંતરાના જેટલા પઇસા બેઠા છે, તેના ત્રણ ઘણામા પણ પૈસા ઓછા એક ડઝન સફ્રજનના બેઠા છે આ સાંભળી શેઠે કહ્યું એ બધુ તો ખરુ, પરંતુ જમરૂખના ભાવનુ તો તમોને ભાન નથી, ને સંતરા તથા સફ્રજનના ભાવ કેમ જાણવા ? પછી શેઠે ફળ ખરીદ કર્યા બાદ વધેલા પઇસા તપાસી જોયા, ત્યારે એમ માલુમ પડયુ કે જો તેમાથી માત્ર ત્રણ પૈસા કાઢી નાખ્યા હોત, તો તે રકમ આપેલા દરેક જાતના ત્રણ ત્રણ સીક્કામા માત્ર ત્રણ ત્રણ આના જેટલી ઓછી થાત. પરંતુ જ્યારે શેઠને આથી પણ સમજ ન પડી, ત્યારે કહ્યુ, "યાદ કરીને યાતો કોઇ હુશિયાર માણસ પાસે આ હિસાબ ગણાવી. વીશ દિવસની અંદર જવાબ નહિ આપશો, તો તમારો આ મહિનાનો અડધો પગાર દંડ તરીકે લેવામા આવશે" ત્યારે સાહેબો આ ગરીબ માણસની વાત ધ્યાનમાં લઇ, તેના પર મહેરબાની કરી ૨૦ દિવસની અંદર ભાવનો ચોખો નિકાલ કરી આપો, કે જેથી તેના અડધા માસનો પગાર કપાય નહિ

દા. ૧૦. કોઈ એક ગામમાં એક મેવાવાળો રહેતો હતો. તેને પાંચ પુત્ર હતા. એક દિવસે તેણે દરેક છોકરાને અમુક અમુક કેરીઓ આપી શહેરમા વેચવા માટે મોકલ્યા. પહેલા કરતા બીજા છોકરાને વીશ કેરીઓ વધારે આપવામા આવી હતી. ત્રીજા છોકરાને બીજા કરતા વીશ વધારે આપવામાં આવી હતી. ને તેવીજ રીતે ચોથા ને ત્રીજા કરતા ને પાંચમાંને ચોથા કરતા વીશ વીશ કેરીઓ વધુ આપવામા આવી હતી કુલ કેરીઓ ૪૫૦ હતી. આ પાંચે ભાઇઓ પોતપોતાને જે જે કેરીઓ આપવામાં આવી, તે લઇ દરેક વેચવા ગયા. ત્યા તેઓ દરેકે સરખે સરખે ભાવે વેચી. તેમના પહેલા ગ્રાહકે તે પાંચે ભાઇઓની પાસેથી અમુક અમુક કેરીઓ એકજ ભાવે લીધી, ને બીજા ગ્રાહકે તે દરેકની પાસે જેટલી કેરીઓ વધી હતી, તે બધી પણ એકજ ભાવે રાખી લીધી પરંતુ પહેલા તથા બીજા ગ્રાહકના ભાવ સરખા નહોતા કેરીઓ વેચી રહ્યા બાદ દરેક પોતપોતાના પૈસા તપાસ્યા તો એમ માલુમ પડયુ કે દરેકની પાસે સરખો સરખી રકમ થઇ છે ત્યારે કહો કે દરેક ભાઇએ તેઓના બે ગ્રાહકોને શા ભાવે તથા કેટકેટલી કેરીઓ વેચેલી હોવી જોઇએ કે જેથી દરેકની વેચાણની રકમ સરખી થાય ?

આ પુસ્તકનો બીજો ભાગ "અક્કલપરીક્ષા ભાગ બીજો" આ પુસ્તકના જેટલીજ કીમતે તા ૧ ઑકટોબરે બહાર પાડવામાં આવશે. માટે સર્વે સાહેબોને સવિનય જણાવવામાં આવે છે કે આપ આપના નામ નીચેને સરનામે નોંધાવો કે જેથી આપને વહેલો ચાન્સ મળે કારણ કે જે દિવસે બીજો ભાગ બહાર પડશે તે જ વખતે આપને તે ચોપડી મળી શકે તેવી રીતે બુકપોષ્ટ કરવામાં

આવશે, બુકપોસ્ટને માટે જેટલી ચોપડીઓ મંગાવવી હોય તે પ્રમાણે પોષ્ટેજ સ્ટેમ્પો બીડવા મહેરબાની કરશો.

અક્કલ પરીક્ષા ભાગ પહેલો બુધવાર તા. ૮ સપ્ટેમ્બર ને દિવસે બહાર પાડવામાં આવ્યો છે. ને તા ૩૦ સપ્ટેમ્બર સુધી તેના જવાબો લેવામા આવશે. ત્યાર પછી કોઇના જવાબો તરફ ધ્યાન આપવામા આવશે નહિ, તેમજ તેઓને ઇનામનો હક પણ રહેશે નહિ.

મુદત વિત્યા બાદ તા. ૩ અકટોમ્બરે જે સાહેબોના દશે ઉત્તરો પુરેપુરા ખરા હશે તેઓના નામનું લીસ્ટ કોઇ સુપ્રસિદ્ધ પેપરમાં બહાર પાડવામાં આવશે

"અકકલ પરીક્ષા ભાગ બીજો" ની દસ નકલો સાથે મગાવનાર પાસેથી વી પી તથા પોષ્ટેજ ખર્ચ લેવામા આવશે નહિ.

તથા ૫૬૨ નકલ સાથે મંગાવનાર પાસેથી માત્ર ૧૪ ચોપડીઓના પૈસા લેવામા આવશે.

જે સાહેબો તરફથી આ દશ સવાલના જવાબો પુરેપુરા ખરા આવશે, તે પૈકી પ્રથમ ત્રીશ શખ્સને નીચે પ્રમાણે ઇનામ આપવામાં આવશે

નબર પહેલો—રૂ. ૯) રોકડા તથા એક રૂપીયાની કીમતના આ ચોપડીના બીજા ભાગનાં પુસ્તકો મળી કુલ રૂ ૧૦)નુ ઇનામ આપવામાં આવશે.

		પૃષ્ટ
નંબર બીજો.	સરસ્વતિ ચંદ્ર ભાગ ત્રીજો	૩૫૬
નંબર ત્રીજો.	,, ભાગ બીજો	૨૦૩
નંબર ચોથો.	સ્વર્ગની કુંચી	૩૮૪
નંબર પાંચમો.	પંચ તંત્ર	૩૭૮

નંબર ૬ થી ૩૦ સુધી દરેકને "૦–૪–૦ ની કીમતનું "સૌભાગ્યકુમારને સ્નેહલતા" નામનું અતિ રમુજી નૉવેલ આપવામા આવશે. નબર બેથી પાચ સુધી દરેકને આ પુસ્તકના બીજા ભાગની ત્રણ ત્રણ નકલો ખરીદવી પડશે, કે જેથી પોતાના મિત્રોને પણ લાભ આપી શકાય. તેવીજ રીતે નબર છ થી ત્રીશ સુધી દરેકને માત્ર એક એક પુસ્તક ખરીદવુ પડશે કે જેથી તેઓને બીજા પુસ્તકના ઇનામનો ચાન્સ મળે.

III સર્વે સાહેબોને વિનતિ કરવામા આવે છે કે જવાબ સાથે માત્ર એક પૈસાની ટિકિટ બીડશો, કે જેથી જો આપને ઇનામનો હક હશે, તો તુરત ખબર આપવામાં આવશે, કે જેથી હમારે સરનામેથી આપ આપનું ઇનામ મગાવી શકો, નહિતર વી. પી. કરવામા આવશે. "વળી આપને બીજા પુસ્તકનો લાભ જલદી મળી શકે તેટલા માટે બીજા ભાગની જેટલી નકલો મગાવવી હોય, તેનો ઓર્ડર આપવા મહેરબાની કરશો"

વિજ્ઞપ્તિ.

મુબઇ જેવી મહાન નગરીમા દેશ દેશના દરેક કોમના માણસો મોટા જથ્થામાં વસે છે. વળી આ નગરી ખાસકરી વેપાર રોજગારમાં હિંદુસ્તાનમા સર્વોપરી હોઇને, તેની અદર વસ્તા જન સમુહનો મોટો ભાગ વેપારી વર્ગને નોકર વર્ગનોછે, જેઓ હજારો દેશો સાથે મૂળથીજ વ્યાપારીક સબધ ધરાવતા હોઇને, ખાસકરીને લેવડ દેવડમાં તથા હિસાબી કામમાં હોશીયાર, ચાલાકને સર્વે વાતે કુશળ હોય તેમાં કંઇ પણ સંશય નથી. ને આવી મહા વિદ્વાનને કેળવાયલી પ્રજાની આગળ આ એક ક્ષુદ્ર લેખકનો લઘુ ગ્રથ કંઇ વિસાતમાં નથી, તેમ

કહેવું એ કોઇપણ પ્રકારે શકમંદ નથી, તોપણ થોડાક સમયપર ઉદ્ભવેલી આકાંક્ષાઓએ મારી મનોવૃત્તીઓ પર દબાણ કર્યાથી મારે આ લઘુ ગ્રંથ પ્રસિધ્ધિમાં મૂકવો પડયો છે. ને મને ખાત્રી છે કે ટુંક અરસામાજ હજારો બંધુઓ તરફથી તેની અંદરના દશે સ્વાલના ઉત્તરો મળ્યા વીના રહેશે નહિ.

આ પુસ્તક હરેક બધુઓને ઉપયોગી થઇ શકે તેટલા માટે. તેની કીમ્મત મા' દોઢ આનો રાખવામાં આવી છે. વળી ઘણા માણસોને તેનો લાભ મળી શકે એટલામાટે ઇનામોની સખ્યા પણ ત્રીશ રાખવામાં આવી છે. ને તે આગળ વાંચવાથી આપ વાકેફ થશો.

આ પુસ્તકની અદર વાર્તારૂપે દશ સ્વાલોનો સમાવેશ કરેલો છે. ને તેની રચના એવી રીતની છે કે જે માત્ર વાચવાથી બુધ્ધિમાં વધારો થયા વિના રહે નહિ. તે અગે થયેલી મહેનત તથા તેનુ મનન કરનારને થતા ફાયદા વિષે પૂખ્ત વિચાર કરીએ, તો એમ માલુમ પડયા વીના રહેશે નહિ કે આ સ્વાલોનુ અવલોકન કરવાથી ગજ શક્તિ, તર્કશક્તિને જ્ઞાનનો વધારો થાય છે; એટલુંજ નહિ પ જો આપ સારી રીતે પ્રયાસ કરશો તો ત્રીસ ઇનામોમાંથી કોઇ પ ઇનામનો આપને અવશ્ય લાભ મળ્યા વીના રહેશે નહિ

આ પુસ્તક મળવાના ઠેકાણા.

(૧) એન. એમ. ત્રીપાઠી કુંપની—કાલબાદેવી રોડ

(,,) ડા. વશનજી પરમાનંદ બુકસેલર-કાલબાદેવી રોડ.

લી. સેવક,

ભટ મહાશંકર વિષ્ણુરામ.

ઠે. કુલગલી (ભુલેશ્વર) પોષ્ટ નબર ર. મુંબાઇ

જવાબ પત્ર.

હરેક સાહેબોને સવિનય જણાવવામા આવે છે કે આ જવાબ ફોર્મ ઉપરજ આપે આપના જવાબો લખી મોકલવા, ને તે સિવાયના કાગળ ઉપર લખી મોકલેલા જવાબો પર ધ્યાન આપવામાં આવશે નહિ.

વધારાનો કાગળ ઉમેરવાની સૌને છુટ છે.

આ ચોપડીના લેખક,
ભટ મહાશંકર વિષ્ણુરામ જોગ,

રૂચિરા છંદ.

આતુર મિત્રો કૃપા કરીને અરજ તમે તો દીલ ધરો,
હજાર પૈસા હર હમેશે, વિમાર્ગે તમો ખર્ચ કરો.
પાન પટ્ટીને બીડીએ તો, તમ ખીસ્સાંને ખાલી કર્યા.
પૈસા ખર્ચા નશા મધ્યે, ક્ષય ખાસીથી હૃદય ભર્યાં
તે ઉપરાન્તે તમ ધર્મ બુદ્ધિ, હૃદય સુદ્ધાં બાળી મૂકે.
મિત્રો ચીજો બુરીજ એવી, હાની કરતા નવ ચૂકે
નાનકડું આ પુસ્તક મારૂ, વાચીને દીલ ખુશ કરો
અક્કલ બુદ્ધિ અજમાવીને, ઇનામ પર તો દાવા ધરો
વૃદ્ધિ તમારી બુદ્ધિ પામે, શરાય જેમા નહિ જોશો.
તદુપરાન્તે દશ રૂપીયા કે, ઇનામ અવશ્ય ગ્રહણ કરો.
આ પ્રમાણે આ લઘુ ગ્રંથથી બુદ્ધિ તમારી વૃદ્ધિ થશે,
નવી નાના મિત્રો મારા, રતન ટેગે કે સમય વળશે

કવાલી

અરે મિત્રો તમે મારા, જુઓ જરા તપાસીને,
લઘુ આ ગ્રન્થ શું કે'છે, સુણો તે ધ્યાન આપીને
"મનન જેવું કર્યું મારૂં, ખરે થઇ હું પડતું 'તો,
ખરા સત્ય છે કહેવું, જુઓ તે તો નિહાળીને
મગજ શક્તિ વધારૂં છું, અક્કલ પુરી પ્રસારૂં છું,
તર્કશક્તિ તથા બુદ્ધિ, કરૂં વૃદ્ધિ પ્રસારીને
ઇનામે નામ નોંધાવો, પછી કરજો તમે દાવા.
મનન માટે કરો આજે, મગજ શક્તિ ચલાવીને.'

લી. સેવક,

ભટ મહાશંકર વિષ્ણુરામ.

ઠે. ફુલગલી (ભુલેશ્વર) ખોલી નંબર ૨. મુંબાઇ.